# આસપાસ ચોપાસ

ગામમાં મોટી ડુંગરી હોવાથી ગામનું નામ મોટી ઢોલડુંગરી પડ્યું હોવાનું અનુમાન



ટાઉન ટોક

## કુદરતી સંપત્તિથી છલોછલ ધરમપુર તાલુકાનું ગામ

# મોટી ઢોલડુંગરી

દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લા સ્થિત ધરમપુર તાલુકાનું મોટી ઢોલડુંગરી ગામ કુદરતી સંપત્તિથી છલોછલ જોવા મળે છે. આ ગામમાં કુદરતે છૂટા હાથે સૌંદર્યુ વેર્યુ છે અને ભરપૂર વનૌષિઓ ઉગાડી છે એવા ધરમપુર તાલુકા મથકથી 8 કિ.મી. દૂર ઉત્તર દિશામાં તાન નદીના કિનારે વસેલું નાનકડું ગામ એટલે મોટી ઢોલડુંગરી. તાન અને માન નદીઓનું સંગમ સ્થળે મરઘમાળ ગામ વસેલું છે. જો કે, આ બંને નદીઓના સંગમથી થતી નદી ઔરંગા નદી તરીકે ઓળખાય છે. મોટી ઢોલડુંગરી ગામની પૂર્ણ દિશામાં કરંજવેરી ગામ આવેલું છે અને પશ્ચિમ દિશામાં વિરવલ અને મરઘમાળ ગામ આવેલું છે. જ્યારે દક્ષિણ દિશામાં આસુરા ગામ આવેલું છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, મોટી ઢોલડુંગરી અને નાની ઢોલડુંગરી આ બંને ગામો બાજુમાં જ આવેલાં છે. લોકવાયકા મુજબ મોટી ઢોલડુંગરી ગામમાં મોટી ડુંગરી હોવાથી આ ગામનું નામ મોટી ઢોલડુંગરી પડ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ ગામમાં ઢોડિયા પટેલ જાતિની વસતી વધુ છે. જ્યારે સૌથી ઓછી કુંકણા જાતિની વસતી છે. આ ગામમાં શિક્ષિત લોકો વધુ છે, જેમાં શિક્ષકો અને સચિવાલય ગાંધીનગરમાં પણ ઊંચા હોદ્દાઓ આરૂઢ છે. મોટી ઢોલડુંગરી ગામે, ઢોડિયા, કુંકણા, આદિમ જૂથની વસતી હોવાથી અહીંના આદિવાસી લોકો બારેમાસ ખેતી કરતા હોય છે. જેમાં શાકભાજી, શેરડી, આંબાવાડી સહિત ડાંગરની ખેતી વધુ કરતા જોવા મળે છે. ગામમાં કુંકણા, ઢોડિયા, આદિમ જૂથના લોકો હળીમળીને રહેતા હોય છે. ગામમાં સારો વિકાસ થાય એ માટે સરપંચ નવીનભાઈ હંમેશાં તત્પર રહે છે. લોકોનાં કામો માટે હંમેશાં દોડતા જોવા મળે છે. મોટી ઢોલડુંગરી ગામના વિકાસમાં માજી ધારાસભ્ય ઈશ્વરભાઈ પટેલનું મહત્ત્વનું યોગદાન છે. માજી ધારાસભ્ય ઈશ્વરભાઈ પટેલની પુત્રી સુનિતા પટેલ આ વિસ્તારમાંથી તાલુકા પંચાયતના સભ્ય પદે આરૂઢ છે. મોટી ઢોલડુંગરી ગામમાં નવી લાઈબ્રેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે ગામના યુવકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. બાળકોથી લઈને યુવક-યુવતીઓ વાંચવા માટે લાઈબ્રેરીનો ઉપયોગ કરી રહ્યા છે. આ લાઈબ્રેરી વિદ્યાર્થીઓ માટે ઉપયોગી સાબિત થઈ રહી છે.

### આંગણવાડીમાં ભૂલકાંને આહાર

ગામમાં ત્રણ આંગણવાડી કેન્દ્ર કાર્યરત છે. જેમાં એક આંગણવાડી કેન્દ્ર કસાડ ફળિયા, બીજી નિશાળ ફળિયા અને ત્રીજી ઝાડી ફળિયામાં કાર્યરત છે. આમ, 3 જેટલી આંગણવાડી કેન્દ્ર કાર્યરત છે. આંગણવાડી કેન્દ્રમાં 0-5 વર્ષનાં ભૂલકાંને દરરોજ મેનુ પ્રમાણે પોષણયુક્ત આહાર આપવામાં આવે છે. વધુમાં દૂધ સજીવની યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્રના બાળકોને અઠવાડિયામાં મંગળવાર અને શુક્રવારે દૂધ પીવડાવવામાં આવે છે. આંગણવાડી કેન્દ્રના બાળકોને જુદી-જુદી રમતો વાર્તા, ગીતો પ્રવૃત્તિઓ દ્વારા પ્રાથમિક શિક્ષણ પણ આપવામાં આવે છે. તદુપરાંત બાળકોમાં સુટેવોનું ઘડતર થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. જો કે, આંગણવાડી કેન્દ્ર વર્કરોના કારણે બાળકોને સુંદર અને સારું શિક્ષણ મળી રહ્યું છે.

### પ્રાથમિક શાળામાં ધો.1થી 8માં 194 વિદ્યાર્થી શિક્ષણ મેળવે છે





તાન નદીના તીરે આવેલી ગામની પ્રાથમિક શાળાનું રમણીય વાતાવરણ આકર્ષણ અને અસરકારક છે. અહીં ધો.1થી 8માં કુલ 194 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં ધો.1થી 8 માં 100 છોકરા અને 94 છોકરી મળી કુલ 194 જેટલા વિદ્યાર્થી અભ્યાસ કરે છે. અત્યારે શાળામાં કુલ 7 શિક્ષક વિદ્યાર્થીઓને ગુણવત્તાલક્ષી અને મુલ્યલક્ષી શિક્ષણ આપી રહ્યા છે. શાળાના ધો.1થી 4માં પ્રજ્ઞા અભિગમ અમલમાં છે. વિદ્યાર્થીઓ સપ્તરંગી પ્રવૃત્તિઓ, રમતો, ગીતો, વાર્તાઓ દ્વારા ભારમુક્ત શિક્ષણ મેળવી રહ્યા છે. શાળાના આચાર્ય ભરતભાઈ પટેલ અને ઉત્સાહી શિક્ષકોને લીધે વિદ્યાર્થીઓ જુદી-જુદી સ્પર્ધાઓમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરી રહ્યા છે. ઉપરાંત આ શાળા ગણિત, વિજ્ઞાન પ્રદર્શનમાં સારી કૃતિઓને પગલે જીલ્લામાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. રાજ્ય કક્ષાએ પણ પસંદગી પામી હતી.



### તાલુકા પંચાયતનાં સભ્ય સુનિતા પટેલનું ગામનું વિકાસમાં મહત્ત્વનું યોગદાન

ધરમપુર તાલુકા પંચાયતની મોટી ઢોલડુંગરી બેઠક ઉપર સુનિતાબેન પટેલ ચુંટાઈને આવ્યા બાદ ગામના વિકાસ હંમેશાં તત્પર રહે છે. સુનિતા પટેલ ધરમપુરના માજી ધારાસભ્ય ઈશ્વર પટેલની પુત્રી હોવાથી તાલુકા પંચાયતમાં પોતાના વિસ્તારમાં કામો કેવી રીતે કરાવવા એની સારી એવી આવડત ધરાવે છે. પોતે ખાનગી શાળામાં શિક્ષિકા હોવાથી પોતાના વિસ્તારમાં વિકાસનાં કામો પ્રત્યે વધુ ધ્યાન કેન્દ્રીત કરે છે. પોતાના પતિ કલ્પેશ પટેલ સુનિતા પટેલને હંમેશાં વિકાસનાં કામો કે અન્ય કામોમાં મદદગાર બને છે. સુનિતા પટેલનાં 5 વર્ષના કાર્યકાળમાં ગામમાં રસ્તા, પાણી, આવાસો જેવી પ્રાથિમક સુવિધાઓ પૂર્ણ કરી છે. હવે ફરી તાલુકા પંચાયતનાં સભ્ય તરીકે સુનિતાબેન ચુંટાયાં છે.

### મોટી ઢોલડુંગરી ગ્રામ પંચાયત ટીમ

**ડેપ્યુટી સરપંચ**-વિલિયમ્સ પટેલ, સભ્યો-શારદાબેન મહેન્દ્ર પટેલ, ઉમેદા માંદા પટેલ, મગન રમણ પટેલ, સંદીપ રવજી વાઘેરા, હેતલ જયેશ પટેલ, તેજલ નયન પટેલ, સુનીલ બાબુ પટેલ
**તલાટી:** ઉષાબેન પટેલ, ગ્રામસેવક-અંકિતા પટેલ

### ગામની રૂપરેખા

**ગામના તલાટી કમ મંત્રી :** ઉષાબેન પટેલ
**ગામની વસતી:** 2500
**ગામના** વોર્ડ-6
**ગામની જાતિ :** ધોડિયા, કુંકણા, આદિમ જૂથ
**આંગણવાડી**-3, શાળા-1, મંદિર-1, દૂધની ડેરી-1, સ્મશાનભૂમિ-1, ગામદેવી માતાનું મંદિર-1
**ખેતી:** શાકભાજી, શેરડી, આંબાવાડી, ડાંગર



### ઘરઆંગણે રોજગારી પૂરી પાડતી દૂધડેરી

આ ગામની શોભામાં અભિવૃદ્ધિ કરે તેવું દૂધ ડેરીનું સુંદર મકાન છે. અહીંની દૂધ ડેરીનું સંચાલન મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી દ્વારા કરવામાં આવે છે. ગામના પશુપાલન સાથે સંકળાયેલા લોકો દૂધડેરીમાં દૂધ ભરીને ઘર આંગણે રોજગારી મેળવે છે. અહીંની દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં 102 જેટલી મહિલા સભાસદો છે. જેમના દ્વારા રોજ સવાર સાંજ ગાય-ભેંસનું દૂધ 300 લિટર કરતાં વધુ એકત્ર કરીને ચીખલીના આલીપોર સ્થિત વસુધારા ડેરીમાં મોકલવામાં આવે છે.



### મોટી ઢોલડુંગરી ગામે ફળિયામાં પીવાની પાણીની ટાંકી

ધરમપુરના મોટી ઢોલડુંગરી ગામે નવી નગરી ફળિયામાં લોકો ભર ઉનાળામાં પાણી માટે વલખા મારી રહ્યા હતા. પરંતુ માજી સરપંચ પવાર તેમજ તાલુકા પંચાયતનાં સભ્ય સુનિતા પટેલે તાલુકા વિકાસ અધિકારી તથા તાલુકા પંચાયત પ્રમુખ રમેશ પાડવી, પુરવઠા અધિકારી પટેલને અવારનવાર રજૂઆતો કર્યા બાદ નવીનગરીમાં 650 મીટર દૂર બોર કર્યા બાદ પાણીના સારા સ્ત્રોતના લીધે 650 મીટ લાંબી પાણીની પાઈપ લાઈન નાંખી આપતાં આ વિસ્તારમાં પીવાની પાણીની સમસ્યા દૂર થઈ હતી અને દરેક ફળિયામાં પીવાની પાણીની ટાંકી નાંખી આપતાં ઘરે-ઘરે નળ દ્વારા પીવાનું પાણી પહોંચાડતાં ગ્રામજનોમાં હર્ષની લાગણી છવાઈ ગઈ હતી.

### સોલાર લાઈટ સમગ્ર ગામમાં બંધ રહેતાં ગામમાં અંધારપટ



ગામના દરેક ફળિયામાં સોલાર લાઈટની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે છે. પરંતુ છેલ્લા બે-ત્રણ માસથી ગામમાં દરેક ફળિયામાં સોલાર લાઈટ બંધ હાલતમાં જોવા મળતાં સમગ્ર ગામમાં અંધારપટ જોવા મળે છે. જો કે, દક્ષિણ ગુજરાત વીજ કંપનીનો પુરવઠો બંધ હોય છે ત્યારે સોલાર લાઈટ લોકો માટે ઉપકારક બને છે. અત્યારે ગામમાં સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા નથી. એવા સંજોગોમાં સોલાર લાઈટ પોઈન્ટ ઊભા કરવામાં આવે, જે સોલાર લાઈટ બંધ છે એને ચાલુ કરવામાં આવે તેવી માંગ ગ્રામજનોમાં ઊઠી રહી છે.

### ડેપ્યુટી સરપંચ વિલિયમ્સ પટેલ



મોટી ઢોલડુંગરી ગ્રામ પંચાયતનાં સરપંચ પદે સુનિતા કલ્પેશ પટેલ આરૂઢ હતાં. પરંતુ તાલુકા પંચાયતની ચૂંટણીમાં મોટી ઢોલડુંગરી બેઠક ઉપર તેઓ અપક્ષ તરીકે વિજય નીવડતાં ગામના સરપંચ પદનો હોદ્દા પરથી રાજીનામું આપ્યા બાદ તેમની જગ્યાએ ડેપ્યુટી સરપંચ વિલિયમ્સ પટેલને સરપંચ પદ સંભાળતા મોટી ઢોલડુંગરી ગ્રામ પંચાયતના વિકાસમાં તાલુકા પંચાયતના સભ્ય સુનિતા પટેલ, આગેવાન કલ્પેશ પટેલ તથા ગામના સરપંચ વિલિયમ્સ પટેલનું મહત્ત્વનું યોગદાન ધરાવે છે.

### ગામમાં તાન નદીના કિનારે નવી સ્મશાનભૂમિ કાર્યરત




મોટી ઢોલડુંગરી ગામે તાન નદીના કિનારે વર્ષોથી સ્મશાનભૂમિ ન હોવાને કારણે લોકોએ ખુલ્લામાં અંતિમવિધિ કરવાની ફરજ પડતી હતી. બાદ ચોમાસામાં ધરમપુર સ્મશાનભૂમિ ખાતે મૃતદેહને અંતિમવિધિ માટે લઈ જવામાં આવતા હતા. મોટી ઢોલડુંગરી ગામે માજી સરપંચ નવીન પવારના પ્રયત્નોથી નદી કિનારે નવી સ્મશાનભૂમિનું નિર્માણ કાર્ય કરવામાં આવ્યું હતું. જેના પગલે લોકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

### ગામમાં 200થી વધુ ઘરોમાં જાહેર શૌચાલયો બનાવાયાં

મોટી ઢોલડુંગરી ગામ વિકાસના પંથે ખૂબ જ આગળ વધી રહ્યું છે. 13મા નાણાપંચમાં ગામમાં દરેક જગ્યાએ રસ્તાઓનું કામ પૂર્ણ કરાયું હતું. ઉપરાંત ગામમાં સરકારી યોજના હેઠળ 200થી વધુ જાહેર શૌચાલયોનું કામ પૂર્ણ કરાયું છે. સુનિતા પટેલ તથા વિલિયમ્સ પટેલે જણાવ્યું હતું કે, ગામમાં શૌચાલયો, આવાસ, રસ્તા સહિતનાં વિકાસનાં કામો પૂર્ણ કરાયાં છે. થોડાં કામો બાકી છે, એ કામો પૂર્ણ કરવાની ખાતરી આપી હતી.

### ગામમાં મહાદેવજીનું ભવ્ય મંદિર

ગામમાં ધાર્મિકતાના પ્રતીકસમા એક મંદિર આવેલું છે. ગામની કુલ વસતી 2500 જેટલી છે. આ ગામના કોસાડ ફળિયામાં મહાદેવજીનું ભવ્ય મંદિર આવેલું છે. જ્યાં મહાશિવરાત્રિના દિવસે મેળાનું આયોજન કરવામાં આવે છે. આ મંદિરમાં ભજનકિર્તન, ભાગવત કથા, પાટોત્સવ જેવા નાના-મોટા કાર્યક્રમો યોજાય છે. ઉપરાંત ગામના નવી નગરી ફળિયામાં ગામદેવીનું સ્થાન આવેલું છે. જ્યાં આદિવાસી સમાજના લોકો દર વર્ષે પરંપરાગત મુજબ રોપણી પહેલા અને દશેરાના દિવસે હવન કરે છે. બાદ પોતાના શુભ કાર્યમાં જોતરાય જાય છે. આમ, દર વર્ષની જેમ આ વર્ષે પણ રોપણીના કાર્ય પહેલા સમાજના લોકો ગામદેવીની પૂજા-અર્ચના કરતા જોવા મળતાં આજે પણ ગ્રામ્ય વિસ્તારોમાં આદિવાસી સમાજની વર્ષો જૂની પરંપરાગત મુજબ લોકો પોતાનાં કામો કરતા જોવા મળે છે.



(માહિતી સંકલન અને તસવીરઃ આસિફ શેખ, ધરમપુર)